# જામનગરમાં આરોગ્ય વિભાગનું ડોર-ટુ-ડોરના સર્વેક્ષણમાં તાવના ૫૬૮ કેસ મળ્યા



જામનગર : જામનગરમાં મેલેરિયા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમા તાજેતરમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ઘરે ઘરે સર્વેક્ષણ કરવામાં આવતા ૫૬૮ તાવના કેસ મળી આવ્યા હતાં.

જામનગર મહાનગર પાલિકાની આરોગ્ય શાખા દ્વારા ૨૫ એપ્રિલના વિશ્વ મેલેરિયા દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો, જે નિમિત્તે તા. ૨૨ થી ૨૪ એપ્રિલ સુધી ઘરે ઘરે સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં ૩૮,૮૧૦ ઘરોની મુલાકાત કરવામાં આવી હતી. તેમાંથી ૭૨૫ ઘરમાં મચ્છરના પોરા જોવા મળ્યા હતાં અને ૨,૨૭,૫૧૩ જેટલા પાત્રોની ચકાસણી કરવામાં આવી હતી, જ્યારે ૫૬૮ તાવના કેસ મળી આવાતા આવા દર્દીઓને જરૂરી દવા આપવામાં આવી હતી.

શહેરમાં દૈનિક ધોરણે ૧૩ હજાર ઘરનું સર્વે કરવામાં આવી રહ્યું છે. આ કામગીરી તા. ૩૦-૪-૨૦૨૪ સુધી ચાલુ રહેનાર છે. આરોગ્ય કેન્દ્રમાં આવતા નગરજનોને પણ આરોગ્ય વિષયક સૂચનાઓ આપવામાં આવી રહી છે. ખાસ કરીને પાણી ભરેલ વાસણો ઢાકીને રાખવા, પાણીની ટાંકી, ફૂલદાની, કુલર, ફ્રીજની ટ્રે અઠવાડિયામાં એક વખત સાફ કરવી, અગાસીના છજ્જા, સેલરમાં ચોમાસામાં પાણી ભરાઈ ન રહે તે માટે સફાઈ જાળવવી, ધાબા ઉપર ખાસ કરીને ચોમાસા સિઝનમાં ખાલી નકામા ટાયરો, વાસણો, અન્ય ભંગારનો નિકાલ કરવો, દર રવિવારે ૧૦ મિનિટનો સમય ફાળવી પાણીના તમામ પાત્રોની ચકાસણી કરવી, મચ્છરના પોરા જોવા મળે તો તેને સાફ કરી સૂકવી નાંખ્યા પછી જ ઉપયોગમાં લેવા જેથી ચિકનગુનિયા, મેલેરિયા જેવા રોગચાળાથી બચી શકાય.

# જામનગરના ઓશવાળ વેલફેર ટ્રસ્ટમાં આવતીકાલે નિ:શૂલ્ક ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન

જામનગર : ઓશવાળ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટમાં વર્લ્ડ ઓફ વૈભવના સહયોગથી સંપૂર્ણ આંતરિક શરીરની નિ:શુલ્ક તપાસ સાથે ફિઝીયોથેરાપી કેમ્પ તા. ૨૮ એપ્રિલ ૨૦૨૪ ને રવિવારે સવારે ૯-૩૦વાગ્યે યોજાશે.

આ કેમ્પમાં આપના શરીરની આંતરિક તપાસ કરી આપવામાં આવશે. જેમાં વજન અને ઊંચાઈ, બીએમઆઈ, શરીરમાં ચરબીનું પ્રમાણ, ચરબી વિના શરીરનું વજન, સ્નાયુમાં ચરબીનું પ્રમાણ, વિસરલ ફેટ, પ્રોટીન, શરીરમાં પાણીની માત્રા, શરીરની ઉંમર, ઓબેસિટી લેવલ, વજન કેટલું હોવું જોઈએ. તે ઉપરાંત હાડકાને લગતી તકલીફ માટે ફિઝીયોથેરાપી કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ બધી તપાસ વર્લ્ડ ઓફ વૈભવ સંસ્થા દ્વારા કરી આપવામાં આવશે. વર્લ્ડ ઓફ વૈભવ સંસ્થા છેલ્લા પંદર વર્ષથી માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય સાથે કામ કરી લાખો લોકોને સારી જિંદગી આપવામાં સફળ બની છે. રવિવારે જામનગરવાસીઓને લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

જે લોકો પોતાનું વજન ઓછું કરવા માંગે છે એ લોકોએ ખાસ આ કેમ્પમાં હાજર રહેવું કારણ કે શરીરમાં કોઈ પણ બીમારીનો જન્મ વજન વધવાના લીધે થતો હોય છે તો દવા વિના કઈ રીતે વજન ઓછું કરી શકાય તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. તેમજ બીજી કોઈ પણ બીમરીથી પિડીત લોકોને પણ માર્ગદર્શન અપાશે.

ડાયાબિટીસ પણ કુદરતી રીતે નિયંત્રણમાં લાવી શકાય છે અને ડાયાબિટીસની દવા સપૂર્ણ રીતે બંધ કરવી શકય છે. આ કેમ્પમાં ભાગ લેવા સંસ્થાના ટ્રસ્ટી કીર્તિભાઈ દોઢિયા તેમજ પ્રોજેકટ ચેરમેન વિઠ્ઠલભાઈ ધોળકિયાએ અનુરોધ કર્યો છે.

કેમ્પના આયોજનનું સ્થળ ઓશવાળ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ, ન્યુ જેલની સામે, પવનચક્કીથી આગળ, જામનગર છે. આ કેમ્પ વિશે વધુ માહિતી માટે પ્રોજેકટ કો-ઓર્ડીનેટર સ્નેહાબેન ભાયાણી (મો. ૭૬૦૦૭ ૦૦૯૪૪) પર સંપર્ક કરવા જણાવાયું છે.

# મહેસાણા પંથકમાંથી પુત્રી સાથે ગુમ થયેલી પરણીતા કાલાવડના વજીર ખાખરીયામાંથી મળી આવી

## કુટુંબી જેઠ સાથે પ્રેમ સંબંધ હોય જેથી પરણિતનું અપહરણ કરી એક વાડીમાં સંતાયને રહેતા હતા

જામનગર : મહેસાણા પંથકની એક પરણીતાનું તેની માસુમ દોઢ વર્ષની પુત્રી સાથે અપહરણ થઈ ગયું હતું, અને માતા પુત્રી ગુમ થયા પછી જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં આવીને સંતાયા હોવાની માહિતીના આધારે પોલીસે તેઓને શોધી કાઢ્યા હતા. પોતાના કુટુંબી જેઠ દ્વારા પરણીતાનું અપહરણ કરાયું હતું, અને અહીં વાડીમાં સંતાઈને ખેત મજૂરી કામ કરતા હતા. જેઓનો કબજો મહેસાણા પોલીસને સોપી દેવાયો છે.

જામનગર એ એચ ટી યૂ ના પોલીસ ઈન્સ્પેક્ટર એન. ડી. સોલંકી અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે મહેસાણા જિલ્લાના વિજાપુર પોલીસ સ્ટેશનના ગુમ થનાર મહિલા કિંજલબેન ચેહરાજી ઠાકોર અને તેની ૧૮ માસની પુત્રી કે તેઓ કાલાવડ પંથકમાં વજીર ખાખરીયા ગામમાં ડાયાભાઈ ટપુભાઈ શિંગાળાની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરે છે. જેથી પોલીસ ટુકડી ડાયાભાઈ શિંગાળાની વાડીએ પહોંચી હતી, અને તપાસ કરતાં ત્યાંથી ગુમ કરનાર મહિલા કિંજલબેન ઠાકોર મળી આવી હતી, જેની સાથે તેનો કુટુંબી જેઠ મહેન્દ્ર ગાભાજી ઠાકોર પણ મળી આવ્યો હતો. જે પ્રેમ કરતો હોવાથી પરણીતાને આજથી છ માસ પહેલાં તેના વતનમાંથી ઉઠાવી જઈ અહીં આવ્યો હતો, અને બંને સંતાઈને કે મજૂરી કામ કરતા હતા, પરંતુ પોલીસના હાથે ઝડપાઈ ગયા છે. જ્યારે જામનગર પોલીસની ટીમેં મહેસાણા પોલીસને જાણ કરી છે અને ત્રણેય નો કબજો સોંપી દેવાયો છે.

# જામનગરમાં ક્ષત્રીય સમાજનું મહાસંમેલન તા. ૨ના બદલે ત્રીજી મેના યોજાશે

## વડાપ્રધાનના જામનગરના પ્રવાસને લઈને કલેક્ટર, એસપી સાથે યોજાયેલી બેઠકમાં ક્ષત્રિય સમાજે લીધો નિર્ણય

જામનગર : રાજકોટ ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના વિરોધમાં ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલન પાર્ટ ૨ના નેજા હેઠળ જુદા જુદા આંદોલનાત્મક કાર્યક્રમો શરૂ કરાયા છે. જે આંદોલનાત્મક કાર્યક્રમોના ભાગરૂપે આગામી તારીખ ૨જી મેના દિવસે જામનગર નજીક ખીજડીયા બાયપાસ પાસે ક્ષત્રિય સમાજનું મહા સંમેલન યોજવા માટેની જાહેરાત કરવામાં આવી હતી.

દરમ્યાન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જામનગરના પ્રદર્શન મેદાનમાં તારીખ ૨જી મેના સાંજે જાહેર સભા યોજાઈ રહી છે, ત્યારે સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે મોટો પોલીસ કાફલો બંદોબસ્તમાં જોડાયેલો રહ્યો હોવાથી ક્ષત્રિય સમાજના સંમેલનના તારીખ અને સમયમાં ફેરફાર કરવા માટે જામનગરના જિલ્લા કલેકટર ભાવિન પંડ્યા તેમજ એસ.પી. પ્રેમ સાથે અગત્યની બેઠક યોજાઇ હતી. જે બેઠકમાં આખરે ક્ષત્રિય સમાજનું મહાસંમેલન તારીખ ૨.૫.૨૦૨૪ના બદલે ૩.૫.૨૦૨૪ સાંજે યોજવાનું નક્કી કરાયું છે.

# જામનગરમાં રિક્ષાચાલકને ઢોરમાર માર્યાની પોલીસવડાને રજૂઆત

જામનગર : જામનગરના રિક્ષાચાલક વાઘેર મુસ્લિમ યુવાનને જામનગર સીટી બી ડોવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીએ વિના કારણ ઢોરમાર માર માર્યાના આક્ષેપ સાથે જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુને લેખિત રજૂઆત કરાઈ છે.

લેખિત રજૂઆતમાં જણાવાયા અનુસાર જોડીયાભુગા બેડી બંદર રોડ જામા મસ્જીદની બાજુમાં સલીમ અબાસ કકલ નામનો રિક્ષાચાલક યુવાન ગત તા. ૧૮-૪-૨૦૨૪ના રોજ રાત્રીના દોઢથી બે વાગ્યાના અરસામાં પોતાની રીક્ષા જીજે-૧૦-ટીઝેડ-૧૩૯૨ માં સમર્પણ સર્કલ પાવે પેસેન્જરને મુકીને પરત જી.જી.હોસ્પિટલ તરફ આવતો હતો ત્યારે વાલકેશ્વરી નગરીમાંથી બ્લેક કલરનું ટુ વ્હીલર પુરઝડપે આવતા રીક્ષાચાલકે રીક્ષા ઉભી રાખી દીધેલ હતી.

બાદમાં ટુ વ્હીલરના ચાલક દ્વારા સલીમને આડેધડ જાહેર રોડ ઉપર ઢીકાપાટુનો માર મારવા માર્યો હતો. જેના પગલે સલીમ સિટી બી ડીવઝન પોલીસ મથકે ફરિયાદ કરવા ગયો હતો ત્યાં પણ ટુ વ્હીલર ચાલક આવી પહોંચ્યો હતો અને પોલીસ સ્ટેશન પરિસરમાં જ સલીમના વાળ પકડી ઢીકાપાટુનો માર મારેલ અને સલીમ ઉપર મોટો કશ કરી લોકઅપમાં બેસાડી દીધેલ હતો.

આશરે સતરેક કલાક સુધી સલીમને લોકચપમા વીનાકારણે ગોંધી રાખ્યો હતો. દરમિયાન જાણવા મળેલ કે સલીમને માર મારનાર જામનગર સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના જ પોલીસ કર્મચારીઓ હતા. ઢોરમારને કારણે સલીમને કાનમા ખુબ જ દુ:ખાવો થતો હોય તેને સારવાર અર્થે શહેરની જી. જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. આ અંગે યુવાને એસપીને ફરિયાદ કરી સમગ્ર વિગત જણાવી હતી.

# કાલાવડમાં ભાજપના કાર્યાલયના ઉદ્દ્ઘાટનમાં વિરોધ કરનાર અનેક ક્ષત્રિયોની અટકાયત



જામનગર : જામનગર જિલ્લામાં પણ ક્ષત્રિય સમાજનું વિરોધ પ્રદર્શન જોવા મળી રહયું છે અને ગઈકાલે મોડી સાંજે કાલાવડમાં યોજાયેલા ભાજપના સંમેલન સમયે ક્ષત્રિય સમાજના યુવાનોએ જય ભવાનીના નારા સાથે વિરોધ દર્શાવ્યો હતો ત્યારે હંગામા વચ્ચે પોલીસ તંત્ર દ્વારા અને ક્ષત્રિય યુવાનોની અટકાયત કરવામાં આવી હતી અને કાર્યક્રમ મોકૂફ રાખવો પડ્યો હતો.

કાલાવડમાં ભારતીય જનતા પાર્ટીના મધ્યસ્થ કાર્યાલયના ઉદ્દ્ઘાટન સમારોહ સમયે કાર્યક્રમનો પ્રારંભ થાય તે પહેલાં ક્ષત્રિય સમાજના યુવાનોનું મોટુ ટોળું આવી પહોંચ્યું હતું અને જય ભવાનીના નારા સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેથી ભાજપના સંમેલન સમયે ભારે હંગામો મચી ગયો હતો. સભા સ્થળની ફરતે ક્ષત્રિય સમાજે ઘેરો ઘાલીને વિરોધ પ્રદર્શન કરતાં પોલીસ દ્વારા અનેક ક્ષત્રિય યુવાનોની અટકાયત કરી લેવામાં આવી હતી અને કાલાવડ ટાઉન પોલીસ અને કાલાવડ ગ્રામ્ય પોલીસની મોટી ટુકડી આવી પહોંચી હતી અને સંખ્યાબંધ ક્ષત્રિય યુવાનોની અટક કરી લેતાં આખરે મામલો થાળે પડ્યો હતો. પરંતુ ભાજપનો કાર્યક્રમ મોકૂફ રાખવો પડ્યો હતો.

# દ્વારકાના સ્વામી નારાયણ આશ્રમમાં શ્રીમદ્ સત્સંગ જીવન પંચાન્હ પારાયણનો પ્રારંભ



દ્વારકા : યાત્રાધામ દ્વારકામાં નાગેશ્વર રોડ પર આવેલા શ્રી સ્વામિનારાયણ આશ્રમમાં વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે દેવભૂમિ દ્વારકામાં બિરાજમાન ઘનશ્યામ મહારાજ આદિ દેવોના પ્રથમ વાર્ષિક પાટોત્સવ નિમિત્તે તા. ૨૬-૫-૨૦૨૪ ને રવિવારથી તા. ૩૦-૫-૨૦૨૪ ને ગુરૂવાર સુધી સત્સંગિજીવન પંચાન્હ પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થાના પ્રેરક તથા સંસ્થાપક ગોવિંદપ્રસાદદાસજી સ્વામીના માર્ગદર્શનમાં યોજાનાર પંચાન્હ પારાયણ કથામાં દરરોજ સવારે ૯ થી ૧૧-૩૦ તથા બપોરે ૩ થી ૬ સુધી કથાવકતા શા.સ્વા. રાધારમણદાસજી (રાજકોટ - જામજોધપુર)ની સંગીતમય શૈલીમાં ઉપસ્થિત હરિભકતોને કથાનું રસપાન કરાવવામાં આવશે.

આ સંસ્થાના સ્થાપક સ્વામી ગોવિંદપ્રસાદજીએ તેમનું સંપૂર્ણ જીવન દ્વારકાના ગોમતી રોડ પર આવેલ સ્વામિનારાયણ મંદિરમાં ઘનશ્યામ મહારાજ તથા આવનારા હરિભકતોની સેવામાં વ્યતીત કર્યુ છે. હાલમાં તેમણે હરિભકતોના સહયોગથી કો.સ્વા. જેપી સ્વામી તથા દીપુભગતના સહકારથી નવા સંકુલનું થોડા સમય પહેલા જ નિર્માણ કર્યુ છે. આ નવા સંકુલમાં ઘનશ્યામ મહારાજ તથા આદિ દેવોની અલૌકિક મૂર્તિઓ સ્થાપિત છે. હરિભકતો માટે આ સંસ્થા એક દર્શનીય સ્થળ છે. તેમજ હરિભકતો માટે રહેવા તથા ભોજન માટે તેમજ સત્સંગ માટે પણ અલાયદી વ્યવસ્થા ઉપલબ્ધ છે.

# જામનગરમાં બે મકાનમાં ઘરફોડી કરનાર તસ્કર મુદામાલ સાથે ઝડપાયો



જામનગર : જામનગરમાં શંકર ટેકરી સુભાષપરા વિસ્તારમાં બે મકાનોને કોઈ તસ્કરોએ નિશાન બનાવી લીધા હતા અને અંદરથી રૂપિયા ૭૧ હજારની માલમત્તા ચોરી કરી લઈ ગયા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ હતી. જે ચોરીનો ભેદ એલસીબીની ટુકડીઓ ઉકેલી નાખ્યો છે, અને એક તસ્કરને ચોરાઉ દાગીના અને રોકડ સાથે ઝડપી લીધો છે.

જામનગરમાં શંકર ટેકરી સુભાષ પરા શેરી નંબર ૨માં રહેતા શાહીનાબેન જાવીદભાઈ બલોચ નામની મહિલાના મકાનને કોઈ તસ્કરોએ રૂપિયા ૬૪,૦૦૦ની કિંમતની સોનાની ઈયરીંગની ચોરી કરી હતી.

આ ઉપરાંત બાજુમાં રહેતા ચંદનબેન મુકેશભાઈ ગણેશીયા નામની મહિલાના રહેણાક મકાનમાંથી રૂપિયા ૭,૦૦ની રોકડ રકમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સીટી સી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી હતી.

દરમિયાન એલસીબી ની ટુકડીએ આજુબાજુના વિસ્તારના સીસીટીવી કેમેરા વગેરે ચકાસીને ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે, અને ગોકુલનગર રડાર રોડ પર રહેતા વિજય ચનાભાઇ ચૌહાણ નામના શખ્સ ને ઝડપી લીધો છે અને તેની પાસેથી રૂપિયા ૭,૦૦૦ની રોકડ રકમ અને સોનાનું ઈયરિંગ વગેરે કબજે કર્યા છે.

# દરેડમાં વીજચોરી કેસમાં આર.ઓ.પ્લાન્ટના સંચાલકને એક વર્ષની કેદ

જામનગર : જામનગરના દરેડ - મસીતિયા ગામના રોડ પર આરઓ પ્લાન્ટમાં સાડા ચાર વર્ષ પહેલાં કરાયેલા વીજ ચેકીંગમાં પ્લાન્ટના સંચાલક સામે વીજચોરીનો આક્ષેપ મુકાયો હતો. તે કેસ ચાલી જતાં અદાલતે વીજચોરી પુરવાર માની આરોપીને એક વર્ષની કેદની સજા અને દંડ ભરવાનો આદેશ કર્યો છે.

જામનગરના દરેડથી મસીતીયા રોડ પર ગઈ તા. ૦૧-૧૧-૨૦૧૯ના દિવસે વીજ કંપનીની ચેકીંગ ટૂકડીએ હાથ ધરેલી કાર્યવાહીમાં ત્યાં આરઓ પ્લાન્ટ ધરાવતા નિલેશ ભીખાભાઈને ત્યાં ચેકીંગ કરતા આ આસામી વીજચોરી કરતા હોવાનું જણાઈ આવ્યું હતું. તેઓને રૂ. ૮૯,૦૫૩નું પુરવણી બીલ આપવામાં આવ્યું હતું અને વીજ અધિનિયમ હેઠળ ફોજદારી ફરિયાદ કરવામાં આવી હતી. આ કેસ અદાલતમા ચાલવા પર આવતા સરકાર પક્ષે ૧૪ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા, છ સાહેદની જુબાની રજૂ કરી હતી બંને પક્ષ તરફથી રજૂ થયેલી દલીલો સાંભળ્યા પછી અદાલતે આરોપી નિલેશ ભીખાભાઈને તકસીરવાન ઠરાવી એક વર્ષની કેદની સજા તથા પુરવણી બીલથી ત્રણ ગણી રકમનો દંડ ફટકાર્યો છે. દંડની રકમ ભરવામાં ન આવે તો વધુ છ મહિનાની સજાનો હુકમ કરવામાં આવ્યો છે. સરકાર તરફથી વકીલ રાજેશ વશીયર રોકાયા હતા.

# દ્વારકામાં પ્રેમભિક્ષુજી મહારાજની ૫૪મી પૂણ્યતિથિએ વિવિધ કાર્યક્રમો

દ્વારકા : દ્વારકામાં આગામી ચૈત્ર વદ પાંચમ તારીખ ૨૯/૦૪/૨૦૨૪ સોમવારના રોજ સંત શિરોમણી કરુણા અવતાર સદગુરુ શ્રી પ્રેમ ભિક્ષુજી મહારાજ ની ૫૪ મી પુણ્યતિથિ ઉત્સવ અખંડ હરિનામ સંકીર્તન મંદિર રામધૂન દ્વારા ઉજવવામાં આવશે જેમાં સવારે ૮:૩૦ વાગ્યે સમુદ્ર પૂજન, ૧૦:૩૦ વાગ્યે અભિષેક પૂજન, બપોરે ૧૨ વાગ્યે ઉત્સવ આરતી, બપોરે ૧૨:૩૦ વાગ્યે શ્રી ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ બ્રહ્મપુરી નંબર ૧માં



મહાપ્રસાદ તેમજ સાંજે ૬:૩૦ વાગ્યે નગર કીર્તન નું આયોજન કરવામાં આવ્યું છે. દ્વારકાની ધર્મપ્રેમી જનતાને આ ઉત્સવ નો લાભ લેવાનુ ભાવ ભરેલું આમંત્રણ અખંડ સંકીર્તન મંદિર રામધૂનના ટ્રસ્ટીઓ દ્વારા આપવામાં આવ્યું છે.

# દ્વારકામાં ક્રિકેટનો સટો રમતો શખ્સ ઝડપાયો : અન્યની શોધખોળ

ખંભાળિયા : દ્વારકામાં ગઈકાલે એક શખ્સ પોતાના મોબાઈલની આઈડી પર ક્રિકેટ મેચ પર સટો રમી રહયો હોય, જેને પોલીસે ઝડપી પાડી તેમની પાસેથી મોબાઈલ તેમજ રોકડ રૂપિયા કબ્જે કરી અટકાયત કરી હતી. જ્યારે અન્ય એક શખ્સને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

દ્વારકામાં રેતવા પાળો વિસ્તારમાં રહેતા અનિલ નાયાભા મકવાણા નામના ૨૪ વર્ષના શખ્સ દ્વારા પંજાબ અને કલકત્તાની ટીમ ઉપર રમાતી ૨૦-૨૦ ક્રિકેટ મેચને મોબાઈલ ફોનમાં લાઈવ નિહાળી અને તેના દ્વારા ચોક્કસ વેબસાઈટ પર પોતાના યુઝર નેમ અને આઈ.ડી. મારફતે જુગાર રમવામાં આવતો હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. આથી પોલીસે ઉપરોક્ત શખ્સને મોબાઈલ ફોનમાં ક્રિકેટનો સટ્ટો રમતા મોબાઈલ સહિતના કુલ રૂપિયા ૧૦,૯૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. આ પ્રકરણમાં ચોક્કસ નામથી ગૂગલ પે એકાઉન્ટ તેમજ મોબાઈલ નંબર ધરાવતા એક શખ્સ પાસેથી આરોપી અનિલ મકવાણાએ આઈડી મેળવવી હોવાનું ખુલતા પોલીસે આ શખ્સને સામે પણ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# લાલપુરના પડાણામાં જુગાર રમતા ચાર પત્તાપ્રેમી પકડાયા

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પડાણા ગામમાં પોલીસે જુગાર અંગે દરોડો પાડી ચાર પત્તાપ્રેમીઓને ઝડપી લીધા છે, અને રોકડ રકમ તેમજ જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

મેઘપર પોલીસ સ્ટેશન ના સ્ટાફે ગઈ રાત્રે પડાણા ગામમાં જુગાર અંગે દરોડો પાડયો હતો, અને ગંજી પાના વડે હારજીતનો જુગાર રમી રહેલા રાજુભાઈ મોહનભાઈ લાલવાણી, અશોક રાયદે ભાઈ પરમાર, મુન્નાભાઈ કારાભાઈ પરમાર અને દેવરખીભાઈ પુંજાભાઈ પરમારની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૦,૩૯૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

# જામનગરમાં બે લાખના ચેક પરત ફરવાના કેસમાં આરોપીને સજા

જામનગર : જામનગરમાં ચેક પરત ફરવાના કેસમાં આરોપી છ માસની સાદી કેદની સજાનો અદાલતે હુકમ કર્યો છે.

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ગલ્લા ગામના દિવ્યરાજસિંહ પ્રવિણસિંહ જાડેજા પાસેથી જામનગરના પ્રકાશ મોહનભાઈ ચાવડા એ રૂ. બે લાખની રકમ હાથ ઉછીની મેળવી હતી. જેની પરત ચૂકવણી માટે ચેક પ્રકાશ ચાવડાએ ચેક આપ્યો હતો. જે ચેક પરત ફરતા અદાલતમા ફરિયાદ નોંધાવાઈ હતી.

આ કેસમા અદાલતે આરોપી પ્રકાશ ચાવડાને છ માસની સાદી કેદની સજા અને ચેકની રકમ મુજબ દંડ અને દંડની રકમ ભરપાઈ કરી નહી તો વધુ એક માસની સજાનો હુકમ કર્યો છે. સજાના હુકમ સમયે આરોપી હાજર નહીં હોવાથી તેમની તેની સામે વોરંટ કાઢવા અને બજવણી માટે પોલીસ વિભાગને મોકલી આપવા પણ હુકમ કર્યો હતો ફરિયાદી તરફે વકીલ ભગીરથસિંહ ઝાલા રોકાયા હતા. હતા

# જામનગરમાં યુવાનના મોબાઈલ ફોનની ઉઠાંતરી

જામનગર : જામનગરના રણજીતસાગર રોડ પર એક કોમ્પલેક્ષમાં રહેતા યુવાનનો રૂ. ૨૦ હજારનો મોબાઈલ કોઈ શખ્સ ચોરી કરી લઈ ગયા હતા.જે અંગે પોલીસમા ફરિયાદ નોંધાવાઈ છે.

જામનગરના રણજીત સાગર રોડ પર આવેલા ગ્રીન એવન્યુમાં રહેતા મૂળ આણંદ જિલ્લાના વલ્લભ વિદ્યાનગરના અવિનાશ અરવિંદગીરી ગોસ્વામીનો રૂ.૨૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન ગત મંગળવારે રાત્રે કોઈ શખ્સ સેરવી ગયો હતો. આ અંગે અવિનાશ ગોસ્વામીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

## જલારામ જયંતીની નાત પછી રામનવમીના પારણાંના જ્ઞાતિ ભોજન વેળાએ દાતાઓ દ્વારા ઉદાર જાહેરાત

# જામનગરમાં નવી લોહાણા મહાજનવાડીના નિર્માણ માટે દાનની વહી સરવાણી

### શહેરમાં બીજી લોહાણા મહાજનવાડી માટે લાલ પરિવાર તરફથી ૧ કરોડ ૧૧ લાખ ૧૧ હજાર ૧૧૧ની ઉદાર સખાવત સાથે કુલ ફાળો ત્રણ કરોડની નજીક રામનવમીના પારણાંની નાતના દાતા શરદભાઈ કલ્યાણજી વસંત પરિવારનું સન્માનઃ શ્રેષ્ઠીઓની ઉપસ્થિતી



જામનગર : જામનગર શહેરમાં રામનવમીના પારણાં પ્રસંગે યોજાયેલા લોહાણા જ્ઞાતિના સમૂહ ભોજન અવસરે શહેરમાં બીજી નવી લોહાણા મહાજનવાડીના નિર્માણ માટે દાનની સરવાણી આગળ વધી હતી.

જામનગરમાં ગત જલારામ જયંતિ પ્રસંગે યોજાયેલા લોહાણા જ્ઞાતિના સમૂહ ભોજન અવસરે શહેરમાં વધતી વસ્તી અને વિસ્તારના પગલે બીજી નવી લોહાણા મહાજનવાડીનું નિર્માણ કરવાની જાહેરાત જામનગર લોહાણા મહાજનના પ્રમુખ જીતુભાઈ લાલે કરી હતી. એ વેળાએજ ગં. સ્વ. મંજુલાબેન હરિદાસ (બાબુભાઈ) લાલ પરિવાર તરફથી આ માટે રૂા. એક કરોડ અગીયાર લાખ અગીયાર હજાર એકસો અગીયાર, અરવિંદભાઈ પાબારી તરફથી અગીયાર લાખ અગીયાર હજાર એકસો અગીયાર, જય જલીયાણ મહિલા ઉત્કર્ષ મંડળના પ્રમુખ ડો. રક્ષાબેન દાવડા તરફથી પાંચ લાખ તેમજ ભાણવડવાળા કુમનદાસ પ્રાગજીભાઈ તન્ના તરફથી પાંચલાખની જાહેરાત કરાઈ હતી. આ ઉપરાંત અન્ય રઘુવંશી શ્રેષ્ઠીઓએ પણ જુદી-જુદી રકમો નવી મહાજનવાડી માટે આપવાની જાહેરાત કરતાં એ જ દિવસે રૂા. દોઢ કરોડથી વધુ રકમનો ફાળો નોંધાયો હતો. એ પછી જામનગર શહેરમાં રામનવમીના પારણાં નિમીતે ગત ગુરૂવારે લોહાણા જ્ઞાતિનું સમૂહ ભોજન તથા સારસ્વત બ્રાહ્મ જ્ઞાતિના (માસ્તાન)નું આયોજન રામચંદ્રજી પ્રાગટ્ય મહોત્સવ સમિતીના નેજા હેઠળ કોમર્સ કોલેજના મેદાન ખાતે કરવામાં આવ્યું હતું. જેના પ્રાયોજક તરીકે શરદભાઈ કલ્યાણજીભાઈ વસંત પરિવાર હતો.

આ કાર્યક્રમ વેળાએ પ્રાસંગીક પ્રવચન કરતાં પ્રતિષ્ઠિત રઘુવંશી ઉદ્યોગપતિ અશોકભાઈ લાલે ઉપસ્થિત સૌને નવી લોહાણા મહાજનવાડી માટે ઉદાર દિલથી આર્થિક સહયોગ આપવા અપીલ કરી હતી. જેના પગલે અગ્રણી વ્યાપારી મહેશભાઈ કલ્યાણજીભાઈ વસંતે રૂા. ૫૧ લાખ આપવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત જ્ઞાતિ સમૂહ ભોજનના દાતા પરિવાર શરદભાઈ કલ્યાણજીભાઈ વસંત તરફથી પણ રૂા. ૨૫ લાખ જાહેર કરવામાં આવ્યા હતાં. જયારે ગ્રેઈન માર્કેટના જાણીતા વેપારી દામોદર મથુરાદાસ તન્ના પરિવાર તરફથી રૂા. ૧૧ લાખ, નોબત દૈનિકવાળા માધવાણી પરિવાર તરફથી રોનક માધવાણીની સ્મૃતિમાં રૂા. પાંચ લાખ, વાડીનારવાળા બાબુલાલ ભીમજી બદીયાણી તરફથી રૂા. પાંચ લાખ તેમજ દિવાળીબેન વૃજલાલ મશરૂ પરિવાર તરફથી રૂા. પાંચ લાખ એકાવન હજાર સહિત કુલ રૂા. એક કરોડ દસ લાખ કરતાં વધુ રકમ જાહેર થતાં નવી મહાજનવાડી માટે કુલ રૂા. પોણા ત્રણ કરોડથી વધુ રકમની જાહેરાત દાતાઓ તરફથી થઈ ચૂકી છે.

શહેરના કોમર્સ કોલેજના મેદાન પર યોજાયેલી રામનવમીના પારણાં પ્રસંગની લોહાણા જ્ઞાતિની નાત પ્રસંગે આ જ્ઞાતિ સમૂહ ભોજનના પ્રાયોજક શરદભાઈ કલ્યાણજીભાઈ વસંત, જયશ્રીબેન શરદભાઈ વસંત, કિંજનભાઈ શરદભાઈ વસંત અને રોનક કિંજનભાઈ વસંતનું સન્માન આયોજક રામચંદ્રજી પ્રાગટ્ય મહોત્સવ સમિતીના જીતુભાઈ લાલ સહિતના તમામ સહયોગી સભ્યોના હસ્તે કરવામાં આવ્યું હતું. જામનગરમાં આયોજીત લોહાણા જ્ઞાતિના આ સમૂહ ભોજન અવસરે રિલાયન્સના ધનરાજભાઈ નથવાણી, જુનાગઢના ડે. મેયર ગિરીશભાઈ કોટેચા, રાજકોટના પૂર્વ મેયર જનકભાઈ કોટક ઉપરાંત સમગ્ર હાલાર પંથકમાંથી જામજોધપુર, ભાણવડ, જામખંભાળિયા, દ્વારકા, મીઠાપુર સહિતના મથકો પરથી લોહાણા જ્ઞાતિની વિવિધ સંસ્થાના હોદ્દેદારો - આગેવાનો તેમજ સ્થાનિક જ્ઞાતિ શ્રેષ્ઠીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. આ તમામનું આયોજક રામચંદ્રજી પ્રાગટય મહોત્સવ સમિતી તરફથી ભગવાનશ્રી રામજીની તસ્વીર અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતાં આયોજક સંસ્થાવતી જીતુભાઈ લાલે ૨૫-૨૫ વર્ષથી સતત રીતે જલારામ જયંતિની નાત તેમજ છેલ્લા નવ વર્ષથી રામનવમીના પારણાં પ્રસંગે આયોજીત કરાતા જ્ઞાતિ સમૂહ ભોજન અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. સાથે જ નજીકના ભવિષ્યમાં જ નવી મહાજનવાડી માટે જમીન ખરીદવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવશે. તેવી જાહેરાત કરવા સાથે જ્ઞાતિના શ્રેષ્ઠીઓ-દાતાઓ અને આગેવાનો અને સર્વે જ્ઞાતિજનોને ઉદાહર હાથે સખાવત કરવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન પત્રકાર ગિરીશભાઈ ગણાત્રાએ કર્યું હતું.

શહેરમાં લોહાણા જ્ઞાતિજનો માટે રામનવમીના પારણાં પ્રસંગે આયોજીત કરાયેલા આ જ્ઞાતિ સમૂહ ભોજનના કાર્યને સફળતા પૂર્વક પાર પાડવા માટે રામચંદ્રજી પ્રાગટય મહોત્સવ સમિતીના જીતુભાઈ લાલ, રમેશભાઈ દત્તાણી, ભરતભાઈ મોદી, મનોજભાઈ અમલાણી, રાજુભાઈ કોટેચા, અનિલભાઈ ગોકાણી, ભરતભાઈ કાનાબાર, નિલેશભાઈ ઠકરાર, રાજુભાઈ મારફતીયા, અતુલભાઈ પોપટ, મધુભાઈ પાબારી, રાજુભાઈ હિંડોચા અને મનિષભાઈ તન્નાએ જહેમત ઉઠાવી હતી.

## જામનગરના ચેલા એસઆરપી કેમ્પમાં ટીબી, રક્તપિત, એનીમિયા, વાહકજન્ય રોગ વિશે જાગૃતતા કાર્યક્રમ યોજાયો



જામનગર : જામનગરના ચેલા પાસે આવેલ એસ.આર.પી. કેમ્પ ૧૭ ખાતે કેમ્પના ૨૫૧ અધિકારી અને જવાનોને ટીબી, રક્તપિત, એનિમિયા (લોહીની કમી) તેમજ વાહકજન્ય રોગ જેવા કે મલેરિયા, ડેન્ગ્યું , ચિકનગુનિયા, ફાઈલેરિયા અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.એચ.એચ ભાયા , જીલ્લા ક્ષય અધિકારી ડો.પ્રેમકુમાર કન્નર , આર.સી.એચ.ઓ ડો.નુપુર પ્રસાદ અને તાલુકા હેલ્થ ઓફિસર ડો.જીગ્નેશ પટેલના માર્ગદર્શન હેઠળ કામ કરતા ડી.એસ.બી.સી.સી ચિરાગભાઈ પરમાર દ્વારા અધિકારી અને જવાનોને એમીનીયા મુક્ત ભારત અંતર્ગત કુપોષણને કારણે એનીમિયા વધતો જાય છે. તેને અટકાવવા પોષાય યુક્ત આહાર અંગે તેમજ ટીબી રોગના લક્ષણો જેવા કે બે અઠવાડિયાથી વધારે ઉધરસ આવવી, ભૂખ ન લાગવી કે વજન ઘટવો, સાંજના સમયે જીણો તાવ આવે જેવા ટીબી રોગના લક્ષણો હોય અને દર્દીને શું કાળજી રાખવી જોઈએ તેને અટકાવા માટે શું કરવું જોઈએ ટીબીનું નિદાન, તપાસ અને સારવાર તમામ આરોગ્ય કેન્દ્રમાં વિનામૂલ્યે આપવામાં આવે છે.

દર્દીને સરકાર દ્વારા નિ-ક્ષય પોષણ યોજના હેઠળ ટીબીના તમામ દર્દીને રૂપિયા ૫૦૦ ની સહાય આપવામાં આવે છે તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દરેડના આરોગ્ય કર્મચારી એમ.પી.એચ.એસ પંડ્યાભાઈ અને ચેલાના એમ.પી.એચ.ડબ્લ્યુ વિજયભાઈ સોન્દરવા દ્વારા વાહકજન્ય રોગ મલેરિયા, ડેન્ગ્યું , ચીકનગુનિયા , ફાઈલેરિયા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મચ્છરની ઉત્પતિ અટકાવવા માટે પાણીના ભરેલા બિન જરૂરી પાત્રો ખાલી કરવા અથવા કપડાથી હવા ચુસ્ત રીતે ઢાકી રાખવા અંગે માહિતી આપી અને પત્રિકા વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ એસ.આર.પી. કેમ્પ ૧૭ ના ઈન્ચાર્જ કમાન્ડન્ટ એન.એમ.પટેલ ના અધ્યક્ષ સ્થાને યોજાયો તેમજ પ્રતિભાવ આપવામાં આવ્યો અને આવા આરોગ્ય જાગૃતતાના કાર્યક્રમ અવારનવાર થાય તે અંગે આવકાર આપ્યો હતો.

## દ્વારકા જિલ્લામાં રોગચાળા નિયંત્રણ માટે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી હાથ ધરાશે

### સર્વેલન્સની કામગીરીમાં સહકાર આપવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા અનુરોધ



દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પાણી ભરાવાથી મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા સહીત રોગચાળો ફેલાવાની સંભાવના રહેલી હોય છે ત્યારે આવા સાયે જિલ્લામાં મચ્છર અને પાણીજન્ય રોગચાળો ફેલાય તેની તકેદારીના ભાગરૂપે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ચોમાસા પૂર્વ તેમજ તે સમય દરમિયાન અને પછીના સમયમા પણ જિલ્લામાં રોગચાળો ના ફેલાઈ તેવા ઉદેશ્યથી જિલ્લા આરોગ્ય શાખા દ્વારા આ રોગચાળાના નિયંત્રણ માટે તા.૨૨ એપ્રિલ થી ૩૦ એપ્રિલ સુધી જિલ્લાના તમામ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરીનું તેમજ તા.૨૫ એપ્રિલ ૨૦૨૪ ના રોજ "વર્લ્ડ મેલેરીયા ડે ની વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૪ માટે નક્કી કરવામાં આવેલ થીમ "Accelerating the fight against Malaria for a more equitable world (વધુ સમાન વિશ્વ માટે મેલેરીયા સામેની લડાઈને વધુ વેગ આપીએ)" મુજબ ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

હાઉસ ટુ હાઉસ કામગીરી માટે આરોગ્ય વિભાગની ૨૮૯ ટીમો જોડાઈ છે, જેમના દ્વારા દ્વારા નવ દિવસમાં અંદાજીત ૧.૫ લાખ ઘરોની મુલાકાત કરી પોરાનાશક કામગીરી કરવામાં આવશે. સર્વેના પ્રથમ બે દિવસોના અંતે આ ટીમો દ્વારા ૨૯,૬૫૫ ઘરોની તપાસ દરમિયાન કુલ ૧,૫૧,૭૦૨ પાત્રોની તપાસ કરવામાં આવેલી હતી, જે પૈકી ૫૩૫ પાત્રોમાં મચ્છરોના પોરા જોવા મળેલા હતા જે દરેક પાત્રોમા જંતુનાશક દવા દ્વારા પોરાનો નાશ કરવામાં આવ્યો હતો. તેમજ કુલ ૯૯૧ તાવના કેસ શોધવામાં આવ્યા હતા જે તમામ કેસના સેમ્પલ લઈ ટેસ્ટિંગ અર્થે મોકલવામાં આવ્યા હતા. સળંગ ૯ દિવસ ચાલનારી આ કામગીરીમાં આરોગ્યની ટીમો દ્વારા વાહકજન્ય રોગોના શંકાસ્પદ દર્દીઓના લોહીના નમૂના લેવામાં આવશે, મકાનોમાં પાણી ભરાતું હોય તેવી જગ્યા પર દવાનો છંટકાવ કરાશે, ઉપરાંત મચ્છરના બ્રીડિંગ મળે તેવા પાત્રોમા પોરાનાશક દવાનો પણ છંટકાવ કરવામાં આવશે તેમજ મેલેરિયા કે ડેન્ગ્યુના કેસ જોવા મળે તેવા વિસ્તાર, ગામ કે ઘરમા કોગીંગ થકી પણ દવા છંટકાવ કરવામાં આવશે.

## જામનગરમાં ચોરી કેસમાં બે આરોપીઓની જામીન અરજી મંજૂર

જામનગર : જામનગરના એક કારખાનામાં બે વર્ષમાં રૂ.૧૫ લાખના પિત્તળના મિજાગરાની ચોરી થયાના ગુન્હામાં ઝડપાયેલા બે આરોપીએ કરેલી જામીન અરજી મંજૂર રખાઈ છે.

જામનગરના શંકર ટેકરી ઉદ્યોગ નગરમાં આવેલા કારખાનામાંથી કારીગર જગદીશ દેવશીભાઈ ચુડાસમા છેલ્લા બે વર્ષમાં અંદાજે ૨૫૦૦ કિલો જેટલા પિત્તળના મિજાગરા ચોરી ગયો હોવાની ફરિયાદ કારખાનેદાર હરેશ મુંગરાએ નોંધાવી હતી.

આ ગુન્હામાં પોલીસે તપાસ દરમિયાન દીપક રમેશભાઈ કાલરીયા, મહેશ પરમાણંદ ફલીયાની ધરપકડ કરી હતી. આ આરોપીઓએ જામીનમુક્ત થવા અરજી કરતા અદાલતે બંનેને રૂ.૩૦-૩૦ હજારના જામીન પર મુક્ત કર્યા છે. આરોપી તરફથી વકીલ નયન કનખરા રોકાયા છે.

## જામજોધપુરમાં શ્રી રામાપીર બાર પહોર પાટોત્સવનો પ્રારંભ

જામજોધપુર : જામજોધપુર મુકામે દશનામ ગોસ્વામી સમાજ ખાતે ભુવા આતા શ્રી નારણ આતા કાના આતા વાઢેર તથા ભુવા વિરા આતા નારણ આતા વાઢેર તથા સમગ્ર ગત ગંગા ભક્ત મંડળ દ્વારા શ્રી રામદેવજી મહારાજના બાર પહોર પાટોત્સ્વ નો આજરોજ તા. ૨૬-૪-૨૪ શુક્રવાર થી પ્રારંભ કરવામાં આવશે કુંભ સ્થાપના કરાશે તેમજ તા. ૨૬ના બપોરના ૪-૩૦ કલાકે સંતોના સામૈયા થશે તેમજ તા ૨૬ તથા તા ૨૭ નારોજ સાંજે બંને દિવસ સાંજે ૧૦-૦૦ કલાકે સંત વાણી કાર્યક્રમ યોજાશે દ્રી દિવસીય કાર્યકમની પુહણાર્તી ૨૮-૪-૨૦૨૪ વહેલી સવારે ૪-૦૦ કલાકે કરવામાં આવશે તથા



કાર્યક્રમની શરૂઆતથી પુર્ણાહિતી સુધી ભોજન પ્રસાદ કાર્યક્રમ અવરિત ચાલુ રહેશે

## દ્વારકા જિલ્લામાં ભારે વાહનો પર રેડિયમ-હાઈ-વે પર જરૂરી રિફલેકટર લગાવવા સૂચના અપાઈ



ખંભાળીયા : જિલ્લા કલેકટર જી. ટી. પંડ્યાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી સભાખંડમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાની જિલ્લા માર્ગ સલામતીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એકશન ટેકન રીપોર્ટ અંગે વિવિધ રોડ ઉપર સ્ટ્રીપ મુકવા અંગે, કનેકટીંગ રોડ ઉપર બમ્પ મુકવા, એમ્ફોર્સમેન્ટ વિશે તથા જનજાગૃતિ માટે કરવામાં આવતા વિવિધ કેમ્પો વિશે, પેચ વર્ક કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

અધ્યક્ષ સ્થાનેથી જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યાએ જણાવ્યું હતું કે, નાગરિકોની સલામતીને કેન્દ્રસ્થાને રાખીને હાઈવે પરથી પસાર થતાં ભારે વાહનો પર રેડિયમ લગાવવા તેમજ હાઈવે પર બ્લેક સ્પોટની ઓળખ કરી જરૂરી રિફલેકટર તથા સાઈન બોર્ડ લગાવવા આ ઉપરાંત નાગરિકોને ટ્રાફિક નિયમો અંગે જાગૃત કરવા, લાઈસન્સ તથા હેલ્મેટની ચકાસણી કરવા, શાળા-કોલેજોમાં વર્કશોપ કે સેમિનારના માધ્યમથી વિદ્યાર્થીઓને જાગૃત કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એમ.ડી. ધાનાણી, નિવાસી અધિક કલેકટર ભુપેષ જોટાણીયા, નાયબ પોલીસ અધિક્ષક હાર્દિક પ્રજાપતિ, એઆરટીઓ સહિત સંલગ્ન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ



દ્વારકા : જિલ્લા કલેકટર જી. ટી. પંડ્યાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી સભાખંડ ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લાની જિલ્લા માર્ગ સલામતીની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં એકશન ટેકન રીપોર્ટ અંગે વિવિધ રોડ ઉપર સ્ટ્રીપ મુકવા અંગે, કનેક્ટીંગ રોડ ઉપર બમ્પ મુકવા, એમ્ફોર્સમેન્ટ વિશે તથા જનજાગૃતી મટે કરવામાં આવતા વિવિધ કેમ્પો વિશે, પેચ વર્ક કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

અધ્યક્ષ સ્થાનેથી જિલ્લા કલેકટર જી. ટી.પંડ્યાએ જણાવ્યું હતું કે, નાગરિકોની સલામતીને કેન્દ્રસ્થાને રાખીને હાઈવે પરથી પસાર થતાં ભારે વાહનો પર રેડિયમ લગાવવા તેમજ હાઈવે પર બ્લેક સ્પોટની ઓળખ કરી જરૂરી રિફલેક્ટર તથા સાઈન બોર્ડ લગાવવા.

આ ઉપરાંત નાગરિકોને ટ્રાફિક નિયમો અંગે જાગૃત કરવા, લાઈસન્સ તથા હેલ્મેટની ચકાસણી કરવા, શાળા-કોલેજોમાં વર્કશોપ કે સેમીનારના માધ્યમથી વિદ્યાર્થીઓને જાગૃત કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એસ. ડી. ધાનાણી, નિવાસી અધિક કલેકટર ભુપેષ જોટાણીયા, નાયબ પોલીસ અધિક્ષક હાર્દિક પ્રજાપતિ, એ.આર.ટી.ઓ. સહિત સંલગ્ન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગરમાં વૈવાહિક વિવાદોના નિરાકરણ માટે પ્રિ-લિટીગેશન લોક અદાલતની શરૂઆત



જામનગર : જામનગરમાં જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ વૈવાહિક વિવાદોને સૌહાર્દપૂર્ણ અને શાંતિપૂર્ણ રીતે ઉકેલવાના હેતુથી પ્રિ-લિટિગેશન લોક અદાલત શરૂ કરવામાં આવી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય પરિવારોને મજબૂત બનાવવા અને પ્રોત્સાહિત કરવાનો છે.

આ પહેલ વૈવાહિક સંબંધોમાં ઉદ્ભવતા તકરારો આગળ વધે તે પહેલાં તેને દૂર કરવાનો પ્રયાસ કરે છે. શું તમે હાલમાં તમારા લગ્ન જીવનમાં પડકારો અનુભવી રહ્યા છો? શું મતભેદ તમારા પરિવારમાં તણાવ અને અનિશ્ચિતતાનું કારણ બને છે? વૈવાહિક વિવાદોની જટિલતાઓને સમજીને મદદ કરવામા આવશે. પ્રિ-લિટીગેશન લોક અદાલતમાં પક્ષકારોને તકરાર અંગે કાનૂની કાર્યવાહી કરતાં પહેલાં શાંતિપૂર્ણ અને અસરકારક નિરાકરણની સુવિધા આપવાનો પ્રયાસ કરે છે.

આ પહેલ શા માટે અલગ છે જેમાં અનુભવી મધ્યસ્થીઓ પ્રિ-લિટિગેશન લોક અદાલતમાં કૌટુંબિક કાયદાઓ અને સંઘર્ષ નિવારણ તકનીકોમાં પ્રશિક્ષિત કુશળ મધ્યસ્થીઓનો સમાવેશ કરવામા છે. ગોપનીય અને તટસ્થ વાતાવરણ બંને પક્ષોને તેમની ચિંતાઓ વ્યક્ત કરવા અને પરસ્પર લાભદાયી ઉકેલો તરફ કામ કરવા માટે એક સુરક્ષિત જગ્યા પ્રદાન કરવામા આવે છે. સમગ્ર પ્રક્રિયા દરમિયાન ગોપનીયતા/ગુપ્તતા જાળવવામાં આવે છે, અને કોઈપણ પક્ષની સંવેદનશીલ માહિતી જાહેરમાં જાહેર કરવા દબાણ કરવામાં આવતું નથી. ખર્ચ-અસરકારક અને સમયસર ઠરાવ (હુકમ) : પ્રિ-લિટીગેશન લોક અદાલતમાં ભાગ લઈને પક્ષકારો લાંબી અને ખર્ચાળ અદાલતી કાર્યવાહી ટાળી શકે છે. ન્યાય મળે તે સુનિશ્ચિત કરતી વખતે કાર્યક્ષમ નિરાકરણને પ્રાથમિકતા આપવામાં આવશે. કૌટુંબિક સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરી કૌટુંબિક પ્રિ-લિટીગેશન લોક અદાલતનું પ્રાથમિક ધ્યાન પરિવારોની સુખાકારી અને તમામ સભ્યો વચ્ચે અસરકારક સંચાર અને સમજણને પ્રોત્સાહન આપવા પર છે. આ અદાલતમાં પરિવારોને તેમના મતભેદોને ઉકેલવા અને સકારાત્મક રીતે આગળ વધવા માટે સશક્તિકરણ કરવામાં આવશે.

પ્રિ-લિટીગેશન લોક અદાલત કેવી રીતે કાર્ય કરે છે? : મધ્યસ્થી સત્રો કે જેમાં બંને પક્ષો અંતર્ગત મુદ્દાઓને સમજવા અને સંભવિત ઉકેલો શોધવા માટે પ્રશિક્ષિત મધ્યસ્થીઓ દ્વારા સમાધાનના પ્રયત્નો કરવામા આવશે. તેમજ સમસ્યાનું સુખદ નિરાકરણ લાવવા સંયુક્ત પ્રયાસો દ્વારા, વિવાદોના પરસ્પર સુખદ નિરાકરણો શોધવા માટે કામ કરે છે. અંતિમ લવાદ : એકવાર સમજૂતી થઈ જાય, તે કાનૂની રીતે ઔપચારિક બને છે, વિવાદનો અંત લાવીને કાયદાનું પાલન સુનિશ્ચિત કરે છે. જેથી વહેલી તકે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ નો સંપર્ક કરો કારણ કે વૈવાહિક વિવાદોને ઉકેલવા તરફ એ પહેલું પગલું છે. વધુ માહિતી માટે અથવા પ્રી-લિટીગેશન લોક અદાલતમાં નોંધણી કરવા માટે, કૃપા કરીને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અથવા નીચે આપેલી વિગતોનો ઉપયોગ કરીને અમારો સંપર્ક કરો.

લગ્ન જીવનથી ઉદ્દભવતી સમસ્યાઓ માટે પ્રિ-લિટિગેશન લોક અદાલત જિલ્લા ના મુખ્ય મથકે શરૂ કરવામાં આવી છે. આ યોજનાનું ઉદ્દ્ઘાટન ગુજરાતના માનનીય મુખ્ય ન્યાયાધીશ ગુજરાત હાઈકોર્ટના સુનીતા અગ્રવાલના વરદ હસ્તે તા.૧૯.૪.૨૦૨૪ ના રોજ કરવામાં આવેલું છે. વધુ પૂછપરછ માટે ચેરમેન એન.આર. જોષી સેક્રેટરી જે.પી. પરમાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જામનગરની સીવીલ કોર્ટ બિલ્ડીંગ, લાલ બંગલા પાસે (ફોનઃ ૦૨૮૮ ૫૫૦૧૦૬) નો સંપર્ક સાધવો.

## જામનગરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા હનુમાન જયંતી નિમિત્તે શોભાયાત્રા યોજાઈ



જામનગર : સમગ્ર ભારતમાં હિન્દુ સંસ્કૃતિમાં હનુમાન જયંતિની ખાસ ઉજવણી કરવામાં આવે છે. ચૈત્ર મહિનાની પૂર્ણિમાના રોજ હનુમાનજીનો જન્મોત્સવ હોય જામનગરમાં વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળ દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસે બજરંગદળના ૧૦૧ ભાઈઓને ત્રિશુલ દિક્ષા આપવામાં આવી હતી. તેમજ ત્યારબાદ બાઈક રેલી યોજીને શહેરના મુખ્યમાર્ગો પરથી આ રેલી પસાર થઈ હતી.

જામનગરમાં વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળ દ્વારા શ્રી હનુમાન જન્મોત્વ નિમિતે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાધેકિષ્ના વાળા પૂજય હરીબાપુની ઉપસ્થિતિમાં હિન્દુ યુવાનો ધર્મરક્ષા, ગૌરક્ષા, નારી રક્ષાને સુરક્ષાના ભાવને સાર્થક કરવા ત્રિશુલ દિક્ષા આપવામાં આવી હતી. આ તકે નેશનલ ટ્રસ્ટી તેમજ હિન્દુ સંરક્ષક, રાષ્ટ્રિય સેવા સંવર્ધન સમિતિ કેન્દ્રિય નેતૃત્વ દળ, વિશ્રવ હિન્દુ પરિષદના સૌથી યુવાન યોગેન્દ્રભાઈ વેકરિયાની વિશેષ ઉપસ્થિત દ્વારા બજરંગદળના યુવાન ભાઈઓને તેમને સાંભળવાનો અવસર મળ્યો હતો. ધર્માની રક્ષા માટેના શપથ લઈને બજરંગદળના ૧૦૧ યુવાનોએ ત્રિશુલ ગ્રહણ કર્યા હતા.

ત્યારબાજ પૂજય હરિબાપુ અને યોગેન્દ્રભાઈ વેકરીયા દ્વારા શોભાયાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવી હતી. આ બાઈક રેલી મિગ કોલોની ખાતે આવેલા જંગલેશ્રવર મહાદેવ મંદિરથી શરૂ કરીને પ્રદર્શન ગ્રાઉન્ડ લાલ બંગલા સર્કલ, ટાઉનહોલ, બેડીગેઈટ, દિપક ટોકિઝ, ચાંદીબજાર, હવાઈચોકથી બાલા હનુમાન મંદિર ખાતે પૂર્ણ કરવામાં આવી હતી. શોભાયાત્રાના રૂટમાં જુદા-જુદા સંગઠનો અને ધર્મપ્રેમી જનતા દ્વારા ઠેર-ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ તકે આ બાઈક રેલીમાં પ્રભુશ્રી રામ, લક્ષ્મણ, જાનકી, હનુમાનજી મહારાજ, ફુલવર્ષા તોપ, ડીજે અને ગાયત્રી શક્તિપીઠ જામનગર દ્વારા શોભાયાત્રા ના સમગ્ર રૂટ પર ગાયત્રી મંત્રના ઉચ્ચાર સાથે ગાયત્રી યજ્ઞ સહિતના વિવિધ ફલોટસ તેમજ બજરંગદળના યુવાનો દ્વારા હનુમાનજી ની વેશભૂષા ધારણ કરીને વાનરસેનાનું આકર્ષણ જમાવ્યું હતું. આ ઉપરાંત બજરંગદળ અને દુર્ગાવાહિનીની દ્વારા શકિત પ્રદર્શન તેમજ માતૃશકિત દ્વારા રાસોત્સવ કરવામાં આવ્યો હતો. શોભાયાત્રા ના રૂટમાં ક્રિકેટ બંગલા ખાતે કોચ મહેન્દ્રસિંહ ચૌહાણ અને ૩૦૦ બાળકો દ્વારા સ્વાગત આરતી, લાલ બંગલા ખાતે બીપીનભાઈ આશર અને વેપારી એસોસિએશન દ્વારા સ્વાગત, જયોત ટાવર વેપારી એસોસિએશન દ્વારા ઠંડા પાણી અને ફુલહારથી સ્વાગત, બેડી ગેટ જામનગર સિંધી સમાજ પ્રમુખ અને વેપારી દ્વારા પ્રસાદી, સ્ટર્લીગ પોઈન્ટ માર્કેટ વેપારી દ્વારા દૂધ કોલ્ડિંગ, બેડી ગેટ કડિયા જ્ઞાતિ રામ મંદિર પ્રમુખ નવીનભાઈ લાખાણી દ્વારા ફુલહારથી સ્વાગત, સ્વામિનારાયણ મંદિર બેડી ગેટ ચતુર્ભુજદાસજી મહારાજ ના હસ્તે ફૂલહાર થી સ્વાગત, બેડીગેટ ખાદી ભંડાર પાસે કિરીટ ફરસાણ અને વેપારીઓ દ્વારા સ્વાગત, પંજાબ બેંક દયારામ લાઈબ્રેરી પાસે પુરબિયા રજપૂત સમાજ ચૌહાણ ફળી દ્વારા શરબત વિતરણ અને સ્વાગત, સજુબા ગર્લ્સ સ્કુલ સામે રિક્ષા એસોસિએશન દ્વારા દુધ કોલ્ડીંગ અને ફૂલહાર થી સ્વાગત, રતનબાઈ મસ્જિદ પાસે કમલ જ્વેલર્સ કેતનભાઈ ભુવા અને કિશોરભાઈ ભુવા દ્વારા ફુલહારથી સ્વાગત, જૈન દેરાસર પાસે જૈન સમાજ (હનુમાન મંદિર ગ્રુપ) દુધ કોલ્ડિંગ અને ફૂલ દ્વારા સ્વાગત, ચાંદી બજાર સોની સમાજ દ્વારા ફુલહાર થી સ્વાગત, શિખંડ સમ્રાટ સેન્ટ્રલ બેક્ર મીઠાઈ બજાર દ્વારા ફુલહાર થી સ્વાગત , અવેડિયા મામા ગ્રુપ સેતા વાડ દ્વારા ઠંડા પાણી ફૂલહાર થી સ્વાગત ,હવાઈ ચોક મનીષભાઈ કોર્પોરેટર દ્વારા દૂધ કોલ્ડિંગ ફુલ હારથી સ્વાગત, વિનુભાઈ તન્ના ટ્રસ્ટી બાલા હનુમાન ખાતે પૂર્ણાહુતિ ખેસ અને ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

## આર્યસમાજ દ્વારા નિઃશુલ્ક છાશનુ વિતરણ

જામનગર : આર્યસમાજ જામનગર દ્વારા માનવ સેવાની પ્રવૃતિઓના ભાગરૂપે તા. ૨૮-૪-૨૦૨૪ ને રવિવાર થી સવારે ૧૦:૩૦ થી નિઃશુલ્ક (મફત) છાશ વિતરણ પરબનો આર્યસમાજ મંદિર, ખંભાળીયા ગેઈટ બહાર, આર્યસમાજ માર્ગ , જામનગર ખાતે પ્રારંભ કરવામાં આવશે. જેનો જાહેર જનતાને લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.


### જાહેર નિવિદા નં. ૪૫ / ૨૦૨૩-૨૪

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા.અને મ.) વિભાગ, જામનગર, ફોન નં. (૦૨૮૮) ૨૬૭૦૨૮૬ દ્વારા બહાર પાડવામાં આવેલ ઉપરોકત નિવિદામાં નીચે જણાવેલ વિગતે જરૂરી સુધારો બહાર પાડવામાં આવે છે. બાકીની વિગતો યથાવત રહેશે.

| અનુ. નંબર | ઓનલાઈન બીડ સબમીશનની છેલ્લી તારીખ | ઓનલાઈન બીડ ઓપનીંગ તારીખ |
| --- | --- | --- |
| ૧ થી ૩૬ | ૦૮/૦૫/૨૦૨૪ | ૦૯/૦૫/૨૦૨૪ |

માહિતી/જામ/ ૭ /૨૦૨૪


## અવસાન નોંધ

**જામનગર :** મૂળ કાલાવડ હાલ જામનગર નિવાસી ગણોદીયા ભટ્ટ શ્રીગૌડ મેડતવાડ બ્રાહમણ ગં.સ્વ.નિર્મળાબેન ગુલાબભાઈ ભટ્ટ તે ભાવનાબેન, કમલેશભાઈ તથા પંકજભાઈના માતુશ્રી તથા દિનેશભાઈ નાનાલાલ ત્રિવેદી (અમરેલી), અલ્કાબેન તથા પૂજાબેન ના સાસુ તા.૨૬-૪-૨૦૨૪ના રોજ કૈલાશગમન થયેલ છે. સદ્ગતની પ્રાર્થના સભા તા.૨૭-૪-૨૦૨૪ના રોજ સાંજ ૫:૦૦ થી ૫:૩૦ કલાકે પાબારી હોલ, તળાવની પાળે, જામનગર ખાતે ભાઈઓ તથા બહેનો માટે રાખેલ છે. કમલેશભાઈ ભટ્ટ - ૯૮૨૪૨૮૦૭૧૬ પંકજભાઈ ભટ્ટ - ૯૮૨૪૫ ૬૮૨૫૨.

**જામનગર :** પ્રવીણભાઈ બાબુભાઈ રાઠોડ તે નીરવભાઈ અને રાહુલભાઈના પિતાનું તા. ૨૬-૪-૨૪ના અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૨૭-૪-૨૪ના સાંજે ૪ થી ૪:૩૦ સુધી તળાવની પાળ, પાબારી હોલમાં રાખવામાં આવ્યું છે.

# મોદી સરકારના છેલ્લા ૧૦ વર્ષમાં રચાયેલ વિકાસગાથામાં વધુ નવા પ્રગતિના આયામ ઉમેરાશે : પૂનમબેન માડમ

## દ્વારકા ખાતે જનસભામાં વિવિધ સમાજ અને સામાજિક સંસ્થાઓ દ્વારા ભાજપના ઉમેદવારને અભૂતપૂર્વ આવકાર

જામનગર : જામનગર લોકસભા બેઠકમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના મતદારોનો સમાવેશ થતો હોય ત્યારે ભારતીય જનતા પાર્ટીના લોકસભાના ઉમેદવાર પૂનમબેન માડમે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તેમનો પ્રચાર વેગવંતો બનાવ્યો છે. ત્યારે ગત્ ગુરૂવારે દ્વારકા વિધાનસભાના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ જનસભા યોજવામાં આવી હતી. જેમાં દ્વારકા ભારતીય જનતા પાર્ટીના આગેવાનો, કાર્યકરો તેમજ વિશાળ સંખ્યામાં સ્થાનિક લોકો જોડાયા હતા અને જનસભામાં અભૂતપૂર્વ જનસમર્થન પ્રાપ્ત થયું હતું.





તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા વિધાનસભા સમગ્ર મતક્ષેત્રમાં ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમને અભૂતપૂર્વ જનસમર્થન પ્રાપ્ત થઈ રહયું છે તેમજ વિવિધ સમાજના અગ્રણીઓ, સામાજિક સંસ્થાઓ દ્વારા પૂનમબેન માડમને અભૂતપૂર્વ આવકાર મળી રહયો છે અને તેઓ દ્વારા પૂનમબેન માડમનું સ્વાગત કરવામાં આવી રહયું છે. જામનગર લોકસભા ક્ષેત્રમાં સમાવિષ્ટ દ્વારકા વિધાનસભાના ચૂંટણી મધ્યસ્થ કાર્યાલય ઉદ્દ્ઘાટન સમયે બહોળી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકો સાથે પૂનમબેન માડમે સંવાદ કર્યો કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૦ વર્ષની અંદર રચાયેલ વિકાસગાથામાં વધુ નવા પ્રગતિના અધ્યાય ઉમેરવા માટે દ્વારકાના લોકોમાં અપાર ઉત્સાહ છે, જે નિશ્ચિતપણે લોકસભા ચૂંટણીમાં ભાજપને બહુમતી સાથે ભવ્ય જીત અપાવશે. આ કાર્યક્રમમાં જામનગર દેવભૂમિ દ્વારકા લોકસભાના ઉમેદવાર તથા સાંસદ પૂનમબેન માડમ, દેવભૂમિ દ્વારકા જિલ્લા અધ્યક્ષ મયુરભાઈ ગઢવી, ધારાસભ્ય પબુભા માણેક, મહામંત્રી યુવરાજસિંહ વાઢેર, રસિકભાઈ નકુમ, ભરત ગોજીયા, સહદેવસિંહ પબુભા માણેક, જિલ્લા ઉપપ્રમુખ મોહનભાઈ બારાઈ, દ્વારકા શહેર પ્રમુખ વિજયભાઈ બુજડ, દ્વારકા પ્રભારી રમેશભાઈ હેરમાં, પૂર્વ નગરપાલિકા પ્રમુખ જ્યોતિબેન સામાણી, લોહાણા અગ્રણી દ્વારકાદશભાઈ રાયચુરા સહીત સામાજિક સંસ્થાના હોદેદારો, સંતો-મહંતો, આગેવાનો, દ્વારકાના નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ભાણવડ પંથકમાં સગીરા પર દુષ્કર્મ આચરનાર આરોપીને દશ વર્ષની જેલ

## આરોપીએ સગીરા સાથે અનેક વખત શારીરિક બાંધી ગર્ભવતી બનાવી હતી

ભાણવડ : ભાણવડના પોકસોના કેસમાં કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સજા અને રૂ.૧૫ હજારનો દંડ ફટકાર્યો છે. ભોગ બનનારને રૂ. એક લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

મોટા ગુંદા ગામનો ભરતભાઈ ઉર્ફે કાનો અરજણભાઈ નાથાભાઈ ભટ્ટીએ સગીરવયની દિકરીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે લગ્ન કરવા લલચાવી ફોસલાવી ફરીયાદીના વાલીપણામાંથી તા. ૧૨-૦૯-૨૦૧૯ના રાત્રીના મોટર સાયકલમાં અપહરણ કરી ગીર સોમનાથ જીલ્લાના ઉના તાલુકાના સિરોજ ગામના પાટીયા પાસે આવેલ સદભાવના કોકીટ કંપનીએ લઈ જતા ત્યાં રહેલ અને ત્યારબાદ ડેસર ગામે લઈ જઈ આરોપીએ ભોગબનનારને પોતાની પત્નિ તરીકે સાથે રાખી અવાર—નવાર શરીર સબંધ બાંધી અને દુષ્કર્મ કરી અને ગર્ભવતી બનાવી દેતા ભોગબનનારે બાળકને જન્મ આપેલ જેથી ફરીયાદીએ ભાણવડ પોલીસમા ફરિયાદ કરી હતી.જે અંગે પોલીસે આરોપી વિરુધ્ધ ગુન્હો નોંધી ભોગ બનનારની મેડીકલ તપાસણી કરાવી ગુનાને લગત પુરાવો એકત્ર કરી એડી. સેસન્સ કોર્ટ, ખંભાળીયામાં ચાર્જશીટ કરેલ અને ત્યારબાદ નામ. એડી. સેસન્સ કોર્ટ, ખંભાળીયાના જજ વી. પી. અગ્રવાલ સમક્ષ કેસ ચાલી જતાં આરોપી ભરતભાઈ ઉર્ફે કાનો અરજણભાઈ નાથાભાઈ ભટ્ટીને તકસીરવાન ઠરાવી આઈ.પી.સી. કલમ ૩૬૩માં ૩ વર્ષની સખત કેદની સજા અને રૂ. ૨૦૦૦નો દંડ, આઈ.પી. સી. કલમ ૩૬૬ માં ૫ વર્ષની સખત કેદની સજા અને રૂ. ૩૦૦૦નો દંડ, આઈ.પી.સી. કલમ ૩૭૬(૨) એન) તથા પોકસો એકટની કલમ ૩(એ), ૪,૫(એલ), ૬, ૯ (એલ), ૧૦,૧૮માં સંયુકત રીતે તકસીરવાન ઠરાવી. ૧૦ વર્ષની સખત કેદની સજા અને રૂ.૧૦,૦૦૦નો દંડ ભરવા હુકમ ફરમાવેલ છે. તેમજ ભોગબનનારને વીટનેસ કમ્પનશેસન સ્કીમ હેઠળ રૂ.૧,૦૦,૦૦૦નું વળતર ચુકવવા અદાલતે હુકમ કરેલ છે.

# ભાણવડના સઈ દેવળિયા ગામે રહેણાંક મકાનમાં તસ્કરો ખાબકયાં : ૩.૮૦ લાખની રોકડની ચોરી

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના સઈ દેવળિયા ગામે ગઈકાલે તસ્કરો ત્રાટકયા હતા અને એક રહેણાંક મકાનને નિશાન બનાવ્યું હતું. જેમાં કબાટમાં રાખવામાં આવેલા રોકડ રૂપિયા ૩.૮૦ લાખની ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે.

આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ ભાણવડથી આશરે ૧૦ કિલોમીટર દૂર સઈ દેવરીયા ગામના વાડી વિસ્તારમાં રહેતા અને ખેત વ્યવસાય સાથે સંકળાયેલા હિતેશભાઈ ભોજાભાઈ ગાજણોતર નામના ૪૧ વર્ષના સગર યુવાનના રહેણાંક મકાનમાં શુક્રવારે રાત્રિના આશરે દોઢેક વાગ્યાના સમયે કોઈ તસ્કરોએ અનધિકૃત રીતે પ્રવેશ કરી અને રૂમના દરવાજાના નકુચા કોઈ તિક્ષ્ણ હથિયાર વળે તોડી નાખ્યા હતા. ત્યાર બાદ આ મકાનમાં રહેલો ઘરવખરીનો સામાન વેરવિખેર કરી અને રૂમમાં રહેલા એક પતરાના કબાટના ખાનામાં ગોદડા નીચે છુપાવીને રાખવામાં આવેલી જુદા જુદા દરની રૂ. ૩.૮૦ લાખની ચલણી નોટો ચોરી કરીને લઈ ગયા હતા.

આટલું જ નહીં, અહીં રહેલા કેટલાક મહત્વના કાગળો પણ આ તસ્કરો લઈ ગયા હોવાનું પણ વધુમાં જાહેર થયું છે. આ અંગે ભાણવડ પોલીસે સગર હિતેશભાઈ ગાજણોતરની ફરિયાદ પરથી અજાણ્યા તસ્કરો સામે આઈ.પી.સી. કલમ ૩૮૦ તથા ૪૫૭ મુજબ ગુનો નોંધ્યો છે. આ બનાવ બાદ અહીંના ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ તેમજ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા હતા. આ ચોરી પ્રકરણમાં કોઈ જાણભેદુઓ પણ સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસ આદરી છે. ભાણવડના પી.એસ.આઈ. એમ.આર. સવસેટા દ્વારા તસ્કરોને ઝડપી લેવા માટે વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# ભાણવડ પંથકના કુખ્યાત બુટલેગરને પાસા તળે અમદાવાદની સાબરમતી જેલ હવાલે કરાયો

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના મોરઝર ગામે રહેતો એક શખ્સ દારૂના ધંધા સાથે સંકળાયેલો હોય, જેની પોલીસે પાસા હેઠળ ધરપકડ કરી જેલ હવાલે કર્યો છ.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકામાં દારૂ અંગેની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા મોરઝર ગામના રહીશ વિજય ઉગાભાઈ બગડા નામના ૩૫ વર્ષના શખ્સ સામે સ્થાનિક પોલીસ મથકમાં ગુનાઓ નોંધાયા હતા. હાલ લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને પોલીસ તંત્ર દ્વારા દારૂ જુગારની



પ્રવૃત્તિઓ ઉપર સંપૂર્ણપણે અંકુશ મેળવી અને આ ચૂંટણી શાંતિમય વાતાવરણમાં યોજાય તે હેતુથી જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ બુટલેગરો સામે કડક કાર્યવાહી કરવા માટે એલ.સી.બી. પી.આઈ. કે. કે. ગોહિલને આપેલી સૂચનાને અનુલક્ષીને ઉપરોક્ત શખ્સ સામે પાસા અંગેના જરૂરી દસ્તાવેજો તૈયાર કરી, આ અંગેની દરખાસ્ત જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યા સમક્ષ રજૂ કરવામાં આવી હતી. જેને મંજૂર રખાતા આરોપી વિજય ઉગાભાઈ બગડા સામે અટકાયતી વોરંટ કરવામાં આવ્યું હતું. પાસાના વોરંટની બજવણી કરાયા બાદ અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

# જામનગરમાં ક્ષત્રિય યુવાનનો ઝેરી દવા પી કર્યો આપઘાતનો પ્રયાસ

## મકાનનું મનદુઃખ તેમજ પાડોશીના ત્રાસને કારણે ઝેર પી લીધાની આશંકા

જામનગર : જામનગરમાં ગોકુલનગર વિસ્તારમાં રહેતા એક ક્ષત્રિય યુવાને ઝેરી દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કરતાં તેને સારવાર માટે જી.જી.હોસ્પિટલમાં ખસેડાયો છે. મકાનનું મનદુઃખ કારણ ભૂત હોવાનું અને પાડોશીના ત્રાસના કારણે આ પગલું ભરી લીધાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે. બનાવની જાણ થતા પોલીસ હોસ્પિટલ દોડી ગઈ હતી.



તસવીરઃ સુનિલ ચુડાસમા

આ બનાવની વિગત એવી છે કે ગોકુલ નગર વિસ્તારમાં રહેતા ભરતસિંહ વજુવા ચુડાસમા નામના ત્રીસ વર્ષના ક્ષત્રિય યુવાને ગઈકાલે મોડી સાંજે ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે. જ્યારે બનાવની જાણ થતાં પીએસઆઇ એન.પી. જોશી તથા એ.એસ.આઈ. ફિરોજભાઈ દલ જી.જી.હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને ઝેરી દવા પી લેનાર યુવાન બેશુદ્ધ અવસ્થામાં હોવાથી તેના ભાઈનું નિવેદન નોંધ્યું હતું. ક્ષત્રિય યુવાને પાડોશી સાથે મકાન બાબતે મનદુઃખ ચાલતું હોવાથી તેના ત્રાસના કારણે ઝેર પી લીધું હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. સમગ્ર મામલે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

# જામનગરમાં માલવાહક લિફટમાં તરુણ ફસાઈ જતા કરુણ મોત

## લિફટમાં સમાન પહોંચાડતી વખતે ૧૭ વર્ષીય તરુણ ફસાઈ જતા મૃત્યુને ભેટ્યો : પરિવાર અને સાથી કર્મચારીઓમાં શોક છવાયો



તસવીરઃ સુનિલ ચુડાસમા



જામનગર : જામનગરમાં રણજીત નગર પટેલ સમાજમાં એક માલવાહક લિફ્ટમાં કેટરિંગનું કામ કરી રહેલા એક ૧૭ વર્ષનો તરુણ લિફ્ટમાં ફસાઈ ગયો હતો. દરમ્યાન ૧૦૮ અને પોલીસ ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પરંતુ તે પહેલા તરુણનું કરુણ મૃત્યુ નીપજતા ભારે આરેરાટી ફેલાઈ જવા પામી હતી.

આ બનાવની વિગત એવી છે કે, જામનગરના રણજીતનગરમાં આવેલ પટેલ સમાજના પ્રસંગ દરમિયાન કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા કર્મચારીઓ દ્વારા માલવાહક લિફ્ટમાં માલ સામાન પહોંચાડવા માટેની કાર્યવાહી ચાલી રહી હતી. જે દરમિયાન કેટરિંગના કર્મચારી તોસિફ અહેમદભાઈ મકવાણા નામનો ૧૭ વર્ષીય તરુણ લિફ્ટમાં ફસાયો ગયો હતો, અને ગંભીર રીતે ઘાયલ થવાથી તેનું સ્થળ પર જ મૃત્યુ નીપજયું હતું. જેથી ભારે કરૂણ દ્રશ્યો સર્જાયા હતા.

આ બનાવને લઈને કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા અન્ય કર્મચારીઓ તથા અન્ય લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું અને સમગ્ર બનાવ મામલે પોલીસ તેમજ ૧૦૮ને જાણ કરાતાં પોલીસ ટુકડી ઘટના સ્થળે દોડી આવી હતી, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવને લઈને મૃતકના પરિવારમાં ભારે માતમ છવાયો છે.

# જામ્યુકોના એએસઆઈ પર સફાઈ મુદ્દે સફાઈ કામદારનો હુમલો

જામનગર : જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૬ ના એસ.એસ.આઇ. પર આજે સવારે સફાઇના મુદ્દે તકરાર કર્યા પછી એક સફાઈ કામદારે હુમલો કરી દેતાં તેહોયને માથા અને હાથમાં ઈજા થવાથી સારવાર માટે જી જી હોસ્પિટલમાં ખસેડાયો છે પોલીસ ફરિયાદ નોંધવા તજવીજ શરૂ કરાઇ છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૬માં એસએસઆઇ તરીકે ફરજ બજાવતા ચિરાગભાઈ સોલંકી નામના જામ્યુકો ના કર્મચારી કે જે આજે સવારે પોતાના વોર્ડ નંબર ૧૬ માં ફરજ બજાવી રહ્યા હતા, જે દરમિયાન એક સફાઈ કામદારે સફાઈ ના પ્રશ્નો તેની સાથે હંગામો કર્યો હતો અને લાકડાના ધોકા સહિતના હથિયાર વડે કપાળના ભાગે તેમજ હાથમાં હુમલો કરી દેતાં માથું ફૂટ્યું હતો, એને લોહીની ધાર થઈ હતી.

જેમાં હાથમાં ફેક્ચર સહિતની ઈજા થઈ છે. જેને લોહી નીતરતી હાલતમાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

જે દરમિયાન જામનગર મહાનગરપાલિકાના અન્ય અધિકારી-કર્મચારી વગેરે જી.જી. હોસ્પિટલમાં





તસવીરઃ સુનિલ ચુડાસમા

દોડી ગયા હતા અને એસએસઆઈ ની પુછપૂરછ કરી હતી. આ બનાવની જાણ કરતા સિટી એ. ડિવિઝનનો પોલીસ કાફલો બનાવ ના સ્થળે દોડી આવ્યો છે, અને ઈજાગ્રત એએસઆઇ નું નિવેદનો નોંધવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

# લાલપુરના મેઘપર ગામે પરીણિતાને માવતરે જવાની પતિએ ના પાડતા અંતિમ પગલું ભર્યું

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મેઘપર ગામમાં રહેતી પરણીતાએ પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જીવાદોરી ટૂંકાવી છે. મૃતકને માવતરે જવા માટેની પતિએ હમણાં ના પાડતાં મનમાં લાગી આવવાથી આ પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર કરાયું છે.

આ બનાવની વિગત એવી છે કે, લાલપુરના મેઘપર ગામમાં રહેતી જલ્પાબા હરપાલસિંહ કંચવા નામની ૩૦ વર્ષની પરણીતા એ ગઈકાલે પોતાના ઘેર લાકડાના પીઢીયામાં દુપટ્ટો બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી આ બનાવ અંગે મૃતકના પતિ હરપાલસિંહ કનુભા કંચવાં એ પોલીસને જાણ કરતાં મેઘપર પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોસ્ટેબલ એસ. ડી. જાડેજા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની પૂછપરછ દરમ્યાન મૃતકને પોતાના માવતરે આંટો દેવા માટે જવું હતું, પરંતુ તેના પતિએ હમણાં નહીં પરંતુ થોડા દિવસ પછી માવતરે જવાનું કહેતાં તેણીને મનમાં લાગી આવ્યું હતું, અને આત્મહત્યાનું પગલું ભરી લીધું છે. જેના કારણે તેનો સાત વર્ષનો પુત્ર માતા વિહોણો બન્યો છે.

# જામનગરમાં પેટ્રોલ પંપની ઓફિસના ટેબલમાંથી રૂા. ૩૫ હજાર રોકડની ચોરી

## મધરાત્રે બાઈક પર આવેલ બે શખ્સો બાથરૂમ જવાનું કહી કળા કરી ગયા : બનાવ સીસી ટીવીમાં કેદ

જામનગર : જામનગર શહેરના લાખોટા તળાવની પાળે આવેલ પરિમલ ટ્રેડર્સ નામના પેટ્રોલ કંપની ઓફિસમાંથી બે શખ્સોએ રોકડા રૂપિયા ૩૫૩૭૦ ની ચોરી કરી રફુચકકર થઈ જતાં ચકચાર જાગી છે. આ બનાવની વિગત એવી છે કે શહેરના તળાવની પાળેઆવેલ પરિમલ ટ્રેડર્સ પેટ્રોલ પંપ ગત તા. ૨૫.૪ ના રોજ મધરાતે દોઢ વાગ્યાના રસામાં મોટરસાયકલ પર બે શખ્સો પેટ્રોલ પૂરાવવા માટે આવેલ અને ચોકીદરે તેમને પેટ્રોલ પંપ બંધ છે. તેવું ણાવતા મોટર સાયકલ પાછળ બેટેલા શકસે બાથરૂમ જવાનું કહી પેટ્રોલ પંમાં અંદર આવી ઓફિસનું શટર થોડું ખુલ્લુ હોય તેમાંથી અંદર પ્રવેહી ઓફિસના ટેબલના ખાનામાં રાખેલ રોકડ રૂપિયા ૩૫૩૭૦ ની ચોરી કરી રફુચકકર થઈ ગયા હતાં. આ બનાવ અંગે બીજા દિવસે પેટ્રોલ પંપ ના મેનેજર દિપકભાઈ છત્રાળાને ધ્યાને આવતા સીસીટીવી ચેક કરતાં ચોરી થયા હોવાનું ખૂલતા તેમણે અજાણ્યા ચોર વિરૂદ્ધ સિટી એ ડીવીજન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વદુ તપાસ હાથ ધરી છે.

# લાલપુરના ઝાખર ગામે પિતરાઈ ભાઈનો માતા-પુત્ર પર હુમલો

## જેલવાસ દરમ્યાન છોડાવવા માટે મદદ નહીં કરતાં ફેકચર કરી નાખ્યું

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ઝાખર ગામમાં રહેતા ખેડૂત યુવાન અને તેની માતા પર પાડોશમાં રહેતા તેના પિતરાઈ ભાઈએ લાકડી વડે હુમલો કરી ફ્રેક્ચર સહિતની ઈજા પહોંચાડ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. આરોપી દુષ્કર્મના ગુનામાં જેલવાસ ભોગોવતો હતો, જે દરમિયાન તેને છોડાવવામાં મદદ કરી ન હોવાનું મન દુઃખ રાખીને આ હુમલો કરાયાનું પોલીસમાં જાહેર થયું છે.

આ બનાવની વિગત એવી છે કે લાલપુર તાલુકાના જાખર ગામમાં રહેતા અને ખેતી કામ કરતા મયુરભાઈ મનસુખભાઈ ગુઢડીયા નામના ૨૨ વર્ષના ખેડૂત યુવાને પોતાના ઉપર લાકડી વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે અને પોતાનો હાથ ભાંગી નાખવા અંગે પાડોશમાં જ રહેતા પોતાના પિતરાઈ ભાઈ વિપુલ રસિકભાઈ ગુઢડીયા સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર આરોપી સામે અગાઉ દુષ્કર્મ અંગેનો કેસ નોંધાયો હતો અને તે કેસમાં તેને જેલવાસ ભોગવવાનો વારો આવ્યો હતો. દરમિયાન ફરિયાદી મયુરભાઈ અને તેના પરિવારના સભ્યોએ વિપુલ ને છોડાવવા માટેની કોઈ મદદ કરી ન હોવાથી જેલમાંથી છૂટીને આવેલા શખ્સે હુમલો કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે. જે મામલે મેઘપુર પોલીસ વધુ તપાસ ચલાવે છે.